ISSN 2250-3064

# HAIM-PRAPA

Vol. 6, February 2015

A Research Journal of
Department of Sanskrit and Bharatiyavidya
Hemchandracharya North Gujarat University
Patan (Gujarat)



# हैमप्रपा

Scanned with CamScanner

**Patron :**
Prof. (Dr.) R. L. Godara (Vice-Chancellor)
Dr. Dipooba Devada (Pro-Vice-Chancellor)

**Advisory Committee :**
Prof. Ajit I. Thakor
Prof. Vasant M. Bhatt
Prof. D. G. Vedia

**Editorial Board :**
Prof. Devsinh B. Rathva
Prof. Dilip C. Patel
Prin. Dr. Lalit S. Patel
Asso. Prof. Dr. Sanat B. Joshi

HAIM-PRAPA
(A Research Journal of the Department of Sanskrit & Bharatiyavidya)
© : Author
All right reserved. The moral right of the author has been asserted.
Vol. VI
(February 2015)

**Published by**
Prof. D. B. Rathva
Department of Sanskrit &
Bhartiyvidya Hemchandracharya North Gujarat University, Patan

**Printed by**
Vinod Printary (Maha-Gujarat), Patan
Ph. 02766-230111-12, Mo. 9898756011 • E-mail : vinodprintery@yahoo.in



Scanned with CamScanner

# હેમચન્દ્રાચાર્ય કૃત કાવ્યાનુશાસન મૌલિક કે સંગ્રહાત્મક!!

ડૉ. લલિત પટેલ *

કલિકાસર્વજ્ઞશ્રી હેમચન્દ્રસૂરિ કૃત 'કાવ્યાનુશાસન' ત્રિસ્તરીય સાહિત્યશાસ્ત્રીય સંસ્કૃત ગ્રંથ છે. તેના ત્રણ ભાગ સૂત્ર, વૃત્તિ અને ઉદાહરણ છે. સૂત્રોને કાવ્યાનુશાસન, સૂત્રોની વૃત્તિને અલંકાર ચૂડામણિ અને ટીકાને વિવેક નામ આપવામાં આવ્યું છે. કાવ્યાનુશાસન માં આઠ અધ્યાય અને બસો આઠ સૂત્રો છે. આ ગ્રંથમાં કાવ્યના સર્જન તથા ભાવન સાથે સંકળાયેલા તમામ વિષયોની ચર્ચા સાથે નાયકો અને નાયિકાઓની તેમજ કાવ્ય તથા નાટકની રચનાઓના વિષયો તથા સ્વરૂપો તેમજ અન્ય પાસાઓની પણ પ્રમાણભૂત ચર્ચા જોવા મળે છે. પરંતુ આચાર્યના આ ગ્રંથને મૌલિક કહેવો કે સંગ્રહાત્મક!! એ વિષય વિદ્વાનોમાં ચર્ચાસ્પદ છે. ડૉ.એસ.કે.દે, ડૉ.પી.વી.કાણે, ડૉ.એ.બી.કીથ, જેવા વિદ્વાનોના મતે હેમચન્દ્રાચાર્યનું કાવ્યાનુશાસન મૌલિક નહી પણ સંગ્રહાત્મક છે.[૧] તો શ્રી વિષ્ણુપ્રસાદભટ્ટાચાર્યજી[૨], ડૉ.વી.એમ.કુલકર્ણી[૩],ડૉ.તપસ્વી નાન્દી[૪] ડૉ.રમાકાન્ત શર્મા [૫] જેવા કેટલાક વિદ્વાનો આચાર્યજી ના આ ગ્રંથને મમ્મટના કાવ્યપ્રકાશ, ભોજરાજના શૃંગારપ્રકાશ તથા વિશ્વનાથના  સાહિત્યદર્પણની જેમ સ્વતંત્ર અને મૌલિક રચના માને છે.

ડૉ.પી.વી.કાણે સ્પષ્ટપણે કાવ્યનુશાસનને મૌલિક નહી, પણ સંગ્રહાત્મક કહે છે.(H.S.P હિન્દી પૃ. ૩૫૯) તેમના મતે રાજશેખર કૃત કાવ્યમીમાંસા, કાવ્યપ્રકાશ, ધ્વન્યાલોક અને લોચનમાંથી કાવ્યાનુશાસનમાં મુખ્ય આધારનું ગ્રહણ કરવામાં આવ્યુ છે. તેના માટે તેઓ નીચેના આધારો હેમચન્દ્રાચાર્યના કથન રૂપે રજૂ કરે છે. જુઓ- साधारणीभावना च विभावादिभिरिति श्रीमानभिनवगुप्ताचार्यः । एतन्मतमेवास्माभिरूपजीवितं वेदितव्यम् । तेऽस्माभिर्भरतमतानुसारिभिरुपेक्षिताः । (કાવ્યાનુશાસન[૬] વિવેક) તેનાથી સ્પષ્ટ થાય છે કે આચાર્યજી અભિનવગુપ્ત, ભરત વગેરેના સ્પષ્ટપણે આધાર લીધો હોવાનું સ્વયં સ્વીકારે છે.

**HAIM-PRAPA** : A Research Journal of the Department of Sanskrit & Bharatiyavidya Bhavan, Hemchandrachary North Gujarat University, Patan. Vol. VI. 2016. P. 139-143

* **આસિ. પ્રોફેસર, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી , સંચાલિત સંસ્કૃત કોલેજ, વેરાવળ**



Scanned with CamScanner

તો વળી હેમચન્દ્રાચાર્યના કાવ્યાનુશાસનના સ્રોતો અને આધારગ્રંથોની પ્રો. શિવપ્રસાદ ભટ્ટાચાર્યજી અને ડૉ.વી.એમ.કુલકર્ણીજી એ જે માહિતી આપી છે; તેના આધારે તથા ડૉ. અમૃત ઉપાધ્યાયના આ બાબત અંગે કરેલા સંશોધનને[૭] આધારે હેમચન્દ્રાચાર્યના કાવ્યાનુશાસન પર અન્ય ગ્રંથોના પ્રભાવની તાલિકા આ રીતે રજૂ કરી શકાય.

| | | |
|---|---|---|
| ૧ | કાવ્યાનુશાસનનો પ્રથમ અધ્યાય (કાવ્યસ્વરૂપ નિરૂપણ) | – તેમાં કાવ્યપ્રકાશના પ્રથમ ઉલ્લાસનો પ્રભાવ તથા તે જ અધ્યાયમાં વ્યંજના કે ધ્વનિમતના નિરૂપણમાં 'ધ્વન્યાલોક' અને 'લોચન' નું માર્ગદર્શન જણાય છે. |
| ૨ | કાવ્યાનુશાસનનો બીજો અધ્યાય ( રસ નિરૂપણ) | – નાટ્યશાસ્ત્ર (૬,૭),અભિનવભારતી અને લોચનનો પ્રભાવ તથા રસાભાસ અંગે ભોજરાજના મતનો પ્રભાવ. |
| ૩ | કાવ્યાનુશાસનનો ત્રીજો અધ્યાય (દોષ નિરૂપણ) | – મહિમભટ્ટના વ્યકિત વિવેકનો પ્રભાવ તેમજ રસદોષના નિરૂપણમાં ધ્વન્યાલોક લોચન અને કાવ્યપ્રકાશનો પ્રભાવ. |
| ૪ | કાવ્યાનુશાસનનો ચોથો અધ્યાય (ગુણ નિરૂપણ) | – આ અધ્યાય આનંદવર્ધનની ગુણ વિભાવના તથા મમ્મટના ગુણ નિરૂપણની પશ્ચાદભૂમિમાં રાજશેખરની શૈલીમાં જોવા મળે છે. |
| ૫ | કાવ્યાનુશાસનનો પાંચમો અધ્યાય (શબ્દાલંકાર નિરૂપણ) | – નાટ્યશાસ્ત્ર(૧૭), કાવ્યાદર્શ, રુદ્રટ કાવ્યલંકાર, કાવ્યપ્રકાશ (૯) અને અભિનવભારતીનો પ્રભાવ. |
| ૬ | કાવ્યાનુશાસનનો છઠ્ઠો અધ્યાય (અર્થાલંકાર નિરૂપણ) | – ઉદ્ભટ, રુદ્રટ, કુન્તક, મમ્મટ અને થોડાક અંશે ભોજ અને લોચનનો આધાર. |
| ૭ | કાવ્યાનુશાસનનો સાતમો અધ્યાય (નાયક-નાયિકા નિરૂપણ) | – નાટ્યશાસ્ત્ર(૨૨),અભિનવભારતી, દશરૂપક અને અવલોક ટીકાનો આધાર. |
| ૮ | કાવ્યાનુશાસનનો આઠમો અધ્યાય (પ્રેક્ષ્ય-શ્રવ્ય કાવ્યના ભેદોપભેદોનું નિરૂપણ) | – રૂદ્રટના કાવ્યાલંકાર, શૃંગારપ્રકાશ, નાટ્યશાસ્ત્ર, અભિનવભારતી વગેરે ગ્રંથોનો પ્રભાવ. |

ઉપરોક્ત પ્રભાવને આધારે એવો આક્ષેપ થયો કે કાવ્યાનુશાસન સંગ્રહાત્મક છે. એવું માનવા માટે વિદ્વાનો પ્રેરાયા પણ હોય. કાવ્યદોષના નિરૂપણમાં હેમચન્દ્રાચાર્યે મહિમભટ્ટના વ્યક્તિ વિવેક ગ્રંથનો આધાર લીધો છે તેની છણાવટ કરતો લેખ શ્રી ત્રિલોકનાથ ઝા એ લખ્યો છે.'વ્યક્તિ વિવેક'ના બીજા વિમર્શની તથા કાવ્યાનુશાસનના ત્રીજા અધ્યાયની તુલનાત્મક સમીક્ષા કરીને તેમણે અભ્યાસપૂર્ણ તારણો રજૂ કર્યા છે. શ્રી હેમચન્દ્રાચાર્યે મહિમભટ્ટના 'વિધેયાવિમર્શને' સ્થાને 'અભિમૃષ્ટ વિધેયાંશત્વ', 'પ્રક્રમભેદ' ને સ્થાને 'ભગ્નપ્રક્રમત્વ', 'પૌનરુક્ત્ય' ને સ્થાને 'અધિકપદત્વ', અને 'વાચ્યાવચન' ને સ્થાને 'અવાચક' દોષોનું નિરૂપણ કરે છે. પણ હેમચન્દ્રાચાર્ય દોષોની પરિભાષાનું ચુસ્ત એક વાક્યતાથી પાલન કરતા નથી.[૮]

તો વળી, ડૉ.પી.વી.કાણેએ કાવ્યાનુશાસનની તરફેણમાં શ્રી વિષ્ણુપાદભટ્ટાચાર્યજીનો મત પાદટીપમાં રજૂ કર્યો છે, તે આ પ્રમાણે છે. જુઓ-"શ્રી વિષ્ણુપાદભટ્ટાચાર્યજીએ કાવ્યાનુશાસનમાં વિશેષ મૌલિકતા નથી, પણ સંગ્રહમાત્ર છે એવા મારા વિચાર પર આપત્તિ ઉઠાવી છે." (इण्डियन कल्चर, भाग-१३, पृ.२१८-२४) તેમણે કહ્યું છે તે મુજબ કેટલીક બાબતો આ પ્રમાણે છે.

- મમ્મટના મતે 'અર્થ' એ કાવ્યરચનાનું પ્રયોજન છે, તેમાં હેમચન્દ્રાચાર્યએ અસહમતિ પ્રગટ કરી છે. આમ હેમચન્દ્ર મમ્મટ અને મુકુલથી મત-ભિન્નતા રાખે છે. તેઓ લક્ષણાને પણ રૂઢિ અને પ્રયોજન આધારિત માનવાની અપેક્ષાએ માત્ર પ્રયોજન પર આધારિત જ માને છે.
- હેમચન્દ્રાચાર્ય ધ્વનિકારથી પણ મતભિન્નતા ધરાવે છે. ધ્વનિકાર અર્થશક્તિમૂલધ્વનિને ત્રણ પ્રકારોમાં વહેંચે છે - સ્વતઃસંભવી, કવિપ્રૌઢોક્તિનિષ્પન્ન અને કવિનિબદ્ધવક્તૃ-પ્રૌઢોક્તિનિષ્પન્ન અને કવિનિબદ્ધવક્તૃપ્રૌઢોક્તનિષ્પન્ન જેનો આચાર્યજી અસ્વીકાર કરે છે.
- મમ્મટે શ્લેષમૂલાપ્રસ્તુતપ્રશંસાનું ઉદાહરણ- पुंस्त्वादपि प्रविचलेत्......० આપ્યું છે, જેને હેમચન્દ્રાચાર્ય શબ્દશક્તિમૂલધ્વનિનું ઉદાહરણ માને છે.
- અને વળી રસોનો અલંકારોમાં સમાવેશ કરી શ્રેષ્ઠ કવિઓએ જે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે, આ દોષનો ધ્વનિકારે નિર્દેશ નથી કર્યો જ્યારે હેમચન્દ્રએ તેનો નિર્દેશ કર્યો છે.

આમ, ડૉ.પી.વી.કાણે ઉપરોક્ત વિગત રજૂ કરીને પણ કહે છે કે- આવી બાબતોને સ્વીકારીએ તો પણ કાવ્યાનુશાસનને મૌલિક માનવો કઠિન છે અને આ પ્રકારની મતભિન્નતા તો અનેક લેખકોમાં જોવા મળે છે.[૯] જો કે ડૉ.પી.વી.કાણેના આ વિધાનોનો જવાબ ડૉ.રમાકાન્ત



Scanned with CamScanner

શુક્લના વિધાનો સારી રીતે આપી શકે તેમ છે. જુઓ- " 'काव्यानुशासन' के विषय में प्रायः कहा जाता है कि यह संग्रहग्रन्थ है, इस में ध्वन्यालोक, लोचन, व्यक्तिविवेक, वक्रोक्तिजीवित, काव्यप्रकाश, काव्यमीमांसा आदि ग्रन्थों से सुदीर्घ उद्धरण प्रस्तुत किये गये हैं। भरत, दण्डी, भामह, वामन, रूद्रट और मम्मट से अनेकानेक विचार एवं श्लोक लिए गये है, लेकिन एक तो यह बात केवल 'विवेक' विवृत्ति के विषय में ही सत्य है, सूत्र और वृत्ति के विषय में नहीं, दूसरे शास्त्रीय परम्परामें विचारग्रहण दोष नहीं माना जाता।"[१०]

ડૉ.રામાનંદશર્માજીની આ વાત સાચી જણાય છે, કારણ કે મમ્મટ પણ ધ્વનિવિષયક વિચારો માટે આનંદવર્ધનના ઋણી છે. તો ઔચિત્યવિચાર ચર્ચામાં પણ મોટાભાગના અંશો પર અભિનવગુપ્ત અને કુન્તકનો પ્રભાવ જણાય છે. તો પછી પૂર્ણતઃ મૌલિક ગ્રંથો તો ધ્વન્યાલોકને કાવ્યમીમાંસા જેવા બે-ચાર જ છે.[૧૧] તેવું કહેવું પડશે, ને બાકીના ગ્રંથોને સંગ્રહગ્રંથો જ કહેવા પડશે. આ રીતે તો કાવ્યપ્રકાશ અને સાહિત્યદર્પણ જેવા ગ્રન્થો પણ સંગ્રહાત્મક જ બની જશે.

ડૉ. અમૃત ઉપાધ્યાયજીએ પોતાના ગ્રંથ હેમચન્દ્રાચાર્ય કૃત કાવ્યાનુશાસન એક સમીક્ષાત્મક અધ્યયનમાં કેટલાક વિદ્વાનોના આ બાબતમાં જે મંતવ્યો રજૂ કર્યા છે તે તેમના ગ્રન્થમાંથી આભાર આ પ્રમાણે છે. જુઓ-

૧. સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના ઈતિહાસકારોએ શ્રી હેમચન્દ્રાચાર્ય તથા કાવ્યાનુશાસનને ન્યાય કર્યો નથી. સાહિત્યશાસ્ત્રનો આવો વિદ્વતાપૂર્ણ, સુઆયોજિત, સુગ્રથિતગ્રંથ, બિલકુલ કદરથી વંચિત રહ્યો છે એ એક ખરેખર અચરજ પમાડે તેવી બાબત છે. ........

પ્રસિદ્ધ ગ્રંથકારોના પોતાના જ શબ્દોમાં અલંકારશાસ્ત્રના વિવિધ વિષયોનું પ્રાસાદિક નિરૂપણ કરતો સરસ પાઠ્યગ્રંથ તૈયાર કરવાના તથા એ રીતે જાણીતા આચાર્યોના સિદ્ધાન્તોથી અભ્યાસીઓને પરિચિત કરાવવના હેતુથી કાવ્યાનુશાસનની રચના થઈ છે, નહિં કે કશીક અજોડ મૌલિકતાના પ્રદર્શનના હેતુથી.

- ડૉ. વી.એમ.કુલકર્ણી

(સ્ટડીઝ ઈન સંસ્કૃત સાહિત્યશાસ્ત્ર, પૃ.-૧૫૩-૫૪)

૨. હેમચન્દ્રાચાર્યના 'કાવ્યાનુશાસન' માં સંસ્કૃત અલંકારશાસ્ત્ર તથા નાટ્યશાસ્ત્રના નિરૂપણનો સમાવેશ છે. જે અગાઉના કોઈ ગ્રન્થકારે ન પ્રાપ્ત કરેલી અજોડ સિદ્ધિ છે....... ગુજરાતમાં કાશ્મીરદેશીય સાહિત્યશાસ્ત્રના સિદ્ધાન્તોનો પ્રસાર કરવાનો યશ હેમચન્દ્રાચાર્યને ઘટે છે. ડૉ.કાણે, ડૉ. દે અને ડૉ.કીથ તથા એ પરંપરાના બીજા વિદ્વાનોએ કરેલ પ્રતિકૂળ

ટીકાઓ ભૂલી જવામાં મજા છે.

- ડૉ. તપસ્વી નાન્દી

(ડૉ.ઉપાધ્યાયના હેમચન્દ્રાચાર્ય કૃત કાવ્યાનુસશાન એક અધ્યયનની પ્રસ્તાવનામાંથી )

૩. જુદા જુદા ગ્રંથકારો અથવા ટીકા-લેખકોના ઉતારા લઈને, તેમનો અવ્યવસ્થિત ખડકલો કરી દઈને રજૂ કરતા ગ્રંથકારો કરતાં એક વિદ્વાન આચાર્ય તરીકેનું શ્રી હેમચન્દ્રાચાર્યનું કાર્ય નિઃશંક ઘણું વધારે મહત્ત્વનું છે. ભારત જેવા પ્રાચીન દેશમાં, જ્યાં એના ઘણા ખરા કિંમતી વારસો, હંમેશને માટે ફરી હાથ ન આવે તેવી રીતે લુપ્ત થવાના ભયનો ભોગ બનેલા છે. ત્યાં શ્રી હેમચન્દ્રાચાર્ય જેવા ગ્રંથકારોની સેવાઓ ઘણી અમૂલ્ય છે.

- પ્રૉ.શિવપ્રસાદ ભટ્ટાચાય

(સ્ટડીઝ ઇન ઈન્ડીયન પોએટિકસ, કોલકત્તા, ૧૯૮૧, પૃ.૧૨૯)

ઉપરોક્ત વિદ્વાનોના નિવેદનથી અને સમજશક્તિથી એ સ્પષ્ટ છે કે આચાર્યશ્રીનો હેતુ મૌલિકતાના પ્રદર્શનનો નહી, પણ કાવ્યશાસ્ત્રના સિદ્ધાન્તોને પૂર્વસૂરિઓના માર્ગદર્શન અને આધારને પ્રમાણભૂત રીતે રજૂ કરી જિજ્ઞાસુઓ, અભ્યાસીઓ સુધી સમજાય તેવી રીતે પહોંચાડવાનો છે, તે પણ કાવ્યશાસ્ત્ર એન નાટ્યશાસ્ત્રની કવિશિક્ષા સહિતની સમગ્રલક્ષી માહિતીને આપવાનો. આચાર્યજીનો આ પ્રામાણિક પ્રયત્ન મૌલિક અને સંગ્રહાત્મકના વિવાદથી પર બની જાય છે.

**સંદર્ભ**

(૧) ડૉ. એસ.કે. દે.- History of Sanskrit Po.II, પ્ર.-૮, પૃ.૨૪૩-૨૪૪
(૨) ડૉ.પી.વી.કાણે- History of Sanskrit Po.II, હિન્દી અનુવાદ, પૃ.-૩૫૯
(૩) ડૉ. વી.એમ.કુલકૃણી, સ્ટડિઝ ઇન સંસ્કૃત સાહિત્યશાસ્ત્ર, પૃ.-૧૫૪
(૪) ડૉ. અમૃત ઉપાધ્યાય, હેમચન્દ્રાચાર્ય, કાવ્યાનુશાનસન એક અધ્યયન, પ્રસ્તાવના
(૫) ડૉ.રમાકાન્ત શર્મા, હેમચન્દ્રાચાર્ય, કાવ્યાનુશાસન, ક્રિષ્ણાદાસ એકેડમી, વારાણસી, પૃ.-૭-૮
(૬) ડૉ.પી.વી.કાણે, એચ.સી.પી., હિન્દી અનુવાદ, પૃ.-૩૫૯-૩૬૦
(૭) ડૉ. અમૃત ઉપાધ્યાય, હેમચન્દ્રાચાર્ય કાવ્યાનુશાસન એક અધ્યયન
(૮) શ્રી ત્રિલોકનાથ ઝા નો લેખ, જર્નલ ઓફ બિહાર રિસર્ચ સોસાયટી, વો.૪૩ (પૃ.-૨૬-૩૩)
(૯) ડૉ.પી.વી.કાણે- એચ.સી.પી., હિન્દી અનુવાદ, પૃ.-૩૫૮-૩૫૯
(૧૦) ડૉ. રમાકાન્દશર્મા, કાવ્યાનુશાસનમ, પ્ર.-ક્રિષ્ણાદાસ એકેડમી, વારાણસી (પ્રસ્તાવના-પૃ.-૭૮)



Scanned with CamScanner